





# સાગબારામાં વરસાદ, અંબિકા બે કાંઠે

**સાગબારામાં** ઉપરવાસના ભારે વરસાદને કારણે નદીમાં પૂર જેવી સ્થિતિ

**સોનગઢ** અને માંડવીમાં પણ મેઘરાજાની કૃપા વરસી







હિતેશ પટેલ

સાગબારા: સાગબારામાં સોમવારે સવારે એક કલાકમાં 39 મીમી ધોધમાર વરસાદ પડ્યા બાદ મંગળવારે મોડી રાત્રિથી ફરી વરસાદની શરૂઆત થઈ હતી. જે બુધવારે પણ ધીમી ધારે ચાલુ છે. સોમવાર અને મંગળવારના કુલ 58 મીમી (સવા બે ઇંચ) વરસાદ નોંધાયો છે.

નર્મદા જિલ્લામાં મંગળવારે એકમાત્ર સાગબારા તાલુકામાં 19 મીમી વરસાદ પડ્યો હતો. જ્યારે અન્ય તાલુકાઓ કોરો રહ્યા હતા. 24 જૂનની સવારે 6 વાગ્યા સુધીના 24 કલાકના અહેવાલ મુજબ તિલકવાડા 29 મીમી, નાંદોદ 7 મીમી, ડેડિયાપાડા 16 મીમી, સાગબારા 58 મીમી, ગરૂડેશ્વર 29 મીમી અને ચીકદામાં 16 મીમી વરસાદ પડ્યો હતો. છેલ્લા દિવસોની ભીષણ ગરમીથી લોકોને વરસાદે રાહત આપી છે. તાલુકામાં ચોમાસું સ્થાયી ગયું હોય તેવો માહોલ સર્જાયો છે અને ખેડૂતો ખેતીકામમાં જોતરાઈ ગયા છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં વધુ વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

લાંબી રાહ જોયા બાદ સાતપુડાની તળેટીમાં ધોધમાર વરસાદને પગલે સેલંબા ગામની અંબિકા નદી બે કાંઠે વહેતાં સમગ્ર વિસ્તાર પાણીદાર બની ગયો છે. નીચા પુલ ઉપરથી વરસાદી વહેણ જોવા મળ્યા હતા. જ્યારે ઉપરવાસના ભારે વરસાદને કારણે નદીમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. ગ્રામજનો વહેલી સવારે પૂરનો હાલ જોવા એકત્ર થયા હતા. વરસાદે વિરામ લેતાં વહેણ ધીમાં પડ્યા હતા. પરંતુ બુધવારે સવારે નદી બંને કાંઠે વહેતી જોવા મળી. સોમવાર અને મંગળવારે વરસાદ બાદ અત્યારે ધીમી ધારે વરસાદ ચાલુ છે. પૂરને કારણે વાહન વ્યવહાર ઠપ્પ થયો છે. વર્ષોથી આ પુલ ઊંચો બનાવવા ગાંધીનગર સુધી રજૂઆત છતાં તંત્ર મૌન છે.

## માંડવી પંથકમાં છૂટોછવાયો વરસાદ

માંડવી: છેલ્લા કેટલાક દિવસોથી ઉકળાટ અને અસહ્ય ગરમીનો સામનો કરી રહેલા માંડવી નગર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારો માટે બુધવારે સવારનો સમય રાહત લઈને આવ્યો હતો. આકાશમાં વાદળોની ગર્જના સાથે વરસાદી ઝાપટાં પડતાં વાતાવરણમાં એકાએક ઠંડક પ્રસરી ગઈ હતી. સાથે નગરના માર્ગો પર થોડી વાર માટે પાણી વહેતા થયા હતા. ખેડૂતોમાં પણ આ વરસાદને લઈને હર્ષની લાગણી જોવા મળી હતી.

## સોનગઢમાં વરસાદથી વાતાવરણમાં ઠંડક

સોનગઢ: સોનગઢ નગર તાલુકામાં બુધવારે સવારે વરસાદ પડતાં થોડી ઠંડક પ્રસરી ગઈ હતી. ૩૦ મિનિટ સુધી વરસાદ વરસ્યા બાદ વરસાદે વિરામ લીધો હતો. બાદ ફરી ઉઘાડ નીકળ્યો હતો. વરસાદ પડવાને કારણે ખેડૂતોને હાશકારો થયો છે.

## નવી પારડીમાં ચાર બાળ મજૂરોને મુક્ત કરાવાયાં

કામરેજ: નવી પારડીમાં નીલકંઠ ટેક્ષ્ટાઈલમાં પ્લોટ નંબર 4થી 8માં બાળકો પાસે ફેક્ટરીના માલિક કાપડ વણાટના મશીન પર કામ કરાવી રહ્યા હોવાની બાતમીના આધારે કામરેજ પોલીસે રેડ કરતાં 4 બાળકો મળ્યાં હતાં. ચારેયની પોલીસે પૂછપરછ કરતાં બાળકોને સવારે 7 થી સાંજે 7 કલાક સુધી ફેક્ટરીના માલિક નીરવ વલ્લભભાઈ પટેલ (ઉં.વ.42) રહે.રાધે ક્રિષ્ના સોસાયટી, શ્યામધામ મંદિર, સરથાણા જકાતનાકા) દિવસના રૂ.200 આપી બાળમજૂરી કરાવી આર્થિક શોષણ કરાવતાં કામરેજ પોલીસે ફેક્ટરીના માલિક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વધુમાં બાળકોને બાળ મજૂરીમાંથી મુક્ત કરાવ્યા હતા.

# બારડોલીમાં પ્રેમીએ વિધવા પ્રેમિકાની ૮ વર્ષની બાળકીનું અપહરણ કર્યું

**સંબંધોમાં** કડવાશ આવતાં આધેડનું તરકટ, પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને દબોચ્યો

બારડોલી: બારડોલીમાં પ્રેમ સંબંધમાં આવેલા અંતરને કારણે ઉશ્કેરાયેલા એક આધેડે વિધવા મહિલાની ૮ વર્ષની માસૂમ પુત્રીનું અપહરણ કર્યું હતું.

એક ગામમાં મજૂરીકામ કરીને ગુજરાન ચલાવતી વિધવા મહિલા તેના જ ગામમાં રહેતા ૫૦ વર્ષીય વિધુર ઝીણા રણછોડ રાઠોડના સંપર્કમાં આવી હતી. બંને એકલવાયું જીવન જીવતાં હોવાથી તેમની વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. પરંતુ છેલ્લા કેટલાક સમયથી બંને વચ્ચે અવારનવાર ઝઘડો થતો હતો. આ કલહથી કંટાળી મહિલા આશરે ત્રણ મહિના પહેલાં પોતાની દીકરીને લઈને પિયરમાં પિતા સાથે રહેવા ચાલી ગઈ હતી.

પ્રેમિકા પિયર જતી રહેતાં રોષે ભરાયેલો આરોપી ઝીણા રાઠોડ ગત રાત્રિના સમયે તેના પિયર પહોંચ્યો હતો. મહિલાનું ઘર કાચું અને દરવાજા વગરનું હોવાથી આરોપીએ રાત્રિના અંધકારનો લાભ લીધો હતો. માતાની પડખે સૂતેલી ૮ વર્ષની માસૂમ બાળકીને તે ઊંઘમાંથી જ ઉઠાવી રફુચક્કર થઈ ગયો હતો. બાળકી ગાયબ હોવાની જાણ થતાં જ માતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. તેણે તાત્કાલિક બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપી ઝીણાને બાળકી સાથે ઝડપી લીધો હતો. પોલીસે માસૂમ બાળકીને સહીસલામત તેની માતાને સોંપતાં પરિવારે હાશકારો અનુભવ્યો હતો. પ્રાથમિક આશંકા મુજબ આરોપીએ કોઈ મલીન ઈરાદા સાથે અથવા બદલો લેવાની ભાવનાથી આ અપહરણ કર્યું હતું. આ બનાવમાં ગુનો નોંધી પોલીસે આરોપીની અટકાયત કરી હતી.

## જોળવામાં રત્નકલાકારનો આપઘાત

પલસાણા: જોળવા ગામની આરાધના ગ્રીન લેન્ડ સોસાયટીમાં રહેતા અને મૂળ મહારાષ્ટ્રના ૩૧ વર્ષીય રત્નકલાકાર ગ્યાનેશ્વર અંકુશ પાટીલે પોતાના ઘરે ૨૩ જૂને અગમ્ય કારણોસર લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી આત્મહત્યા કરી લીધી હતી. પલસાણા પોલીસે સ્થળ પર પહોંચી તપાસ આદરી હતી.

# મહિલાના ગર્ભાશયમાંથી અઢી કિલોની ગાંઠ નીકળી



બારડોલી: બારડોલીની જાણીતી મમતા હોસ્પિટલ ખાતે સ્ત્રી રોગ નિષ્ણાત ડો.ગૌતમ વ્યાસ દ્વારા એક જટિલ શસ્ત્રક્રિયા પાર પાડવામાં આવી છે. માંડવી તાલુકાની એક આંખની હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતાં 46 વર્ષીય મહિલા લાંબા સમયથી ગર્ભાશયની તકલીફ અને અસહ્ય પીડાથી પીડાતાં હતાં. તબીબી તપાસ દરમિયાન તેમના ગર્ભાશયમાં મોટી ગાંઠ હોવાનું માલૂમ પડ્યું હતું. ડો.વ્યાસ અને તેમની ટીમે તાત્કાલિક ઓપરેશન કરીને મહિલાના પેટમાંથી આશરે અઢીથી ત્રણ કિલો વજનની, 'લીઓમાયોમાસ' (યુટરીન ફાઈબ્રોઈડ) તરીકે ઓળખાતી અત્યંત જોખમી ગાંઠ સુરક્ષિત રીતે બહાર કાઢી હતી. સફળ સર્જરી બાદ પીડામુક્ત બનેલા મહિલાએ નવું જીવન આપવા બદલ ડોક્ટર અને હોસ્પિટલ સ્ટાફનો આભાર માન્યો હતો.


Milano MULTIPLEX

બારડોલી

Welcome To The Jungle
09:00pm, 10:00pm

Cocktail 2
12:00pm, 03:00pm, 06:00pm, 09:30pm

Jindagi Once More-Gujarati
02:00pm, 05:00pm

Toy Story 5-Hindi
11:00am

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333



**શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., પંડવાઈ**

મુ. પંડવાઈ, તા. હાંસોટ, જી. ભરૂચ, મો. : ૯૯૨૫૧ ૭૦૦૦૯, ૯૯૦૯૦ ૧૧૦૫૩

**કોન્ટ્રાકટ આપવાના છે**

પિલાણ સીઝન : સને ૨૦૨૬-૨૦૨૭ માટે (૧) સિકયુરીટી (૨) કેન્ટીન ચલાવવાનો (૩) કેન કેરીયર (૪) બગાસ બેલીંગ (૫) આર.બી.સી. (૬) બોઈલર રાખ ખસેડવાનો (૭) સુગર હાઉસ અને સુગર ગોડાઉન (૮) લેબર સપ્લાયર (૯) ટ્રેકટરથી બગાસ ખસેડવાનો (૧૦) બાયો કંપોસ્ટ બનાવવાનો (૧૧) બાયો કંપોસ્ટ વાહતુક (૧૨) ટેન્કર દ્વારા રેકટીફાઈડ સ્પીરીટ (આર.એસ.)/ઈથેનોલ વાહતુક (૧૩) લીકવીડ ફર્ટીલાઈઝર વાહતુક (૧૪) ઈવોપરેટર/પેન/જયુસ હીટર ટયુબ કલીનીંગ (૧૫) સુગરકેન હાર્વેસ્ટરથી શેરડી કાપવાનું કામ (૧૬) ગાર્ડન ડેવલોપમેન્ટ/મેન્ટેનેન્સ જેવા જુદા જુદા કામોના કોન્ટ્રાકટ આપવાના છે.

ઉપરોકત જણાવેલ કામો માટે તા.૨૬-૦૬-૨૦૨૬ થી તા.૦૮-૦૭-૨૦૨૬ દરમિયાન અમારી સંસ્થાની વેબસાઈટ www.pandvaisugar.com ઉપર ઈ-ટેન્ડર ભરી રૂા.૧૦૦/- ટેન્ડર ફોર્મ ફી તથા કોન્ટ્રાકટ દીઠ ટેન્ડર ડીપોઝીટ પેટે રૂા.૧૯૦૦૦/- રોકડા સંસ્થાની ઓફિસે જાહેર રજાના દિવસો સિવાય ૧૦.૦૦ થી ૪.૩૦ દરમિયાન જમા કરાવી ભરેલ ટેન્ડર સીલબંધ કવરમાં સ્વીકારવામાં આવશે. ખાંડ કારખાનાના અનુભવી તથા સરકારશ્રીનું પ્રમાણિત લેબર લાયસન્સ, પી.એફ., પાનકાર્ડ, જી.એસ.ટી. નંબરના પ્રમાણપત્રોની ઝેરોક્ષ નકલ લઈ આવનાર કોન્ટ્રાકટરોને જ ટેન્ડર અને કોન્ટ્રાકટ આપવામાં આવશે. ટેન્ડર અંગેની વધુ જાણકારી માટે સંસ્થા ખાતે જનરલ વિભાગનો સંપર્ક કરવાનો રહેશે. કોઈપણ અથવા બધા ટેન્ડર મંજુર/નામંજુર કરવાનો અબાધિત હકક સંસ્થાનો રહેશે.

સ્થળ: પંડવાઈ
તા.૨૪-૦૬-૨૦૨૬

(મુકેશ પટેલ)
ઈ. મેનેજીંગ ડિરેકટર



**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૩૯/૨૦૨૬
તા.૧૯/૦૬/૨૦૨૬

વાદી :- મહમદરફીક યુસુફ નાખુદા, રહે.૪૦૧, ચોથો માળ, નાખુદા કોમ્પલેક્ષ, તડકેશ્વર, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી તડકેશ્વર ગ્રા.પં., તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી મહમદરફીક યુસુફ નાખુદા, રહે.૪૦૧, ચોથો માળ, નાખુદા કોમ્પલેક્ષ, તડકેશ્વર, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦એ તેઓના નાના મોહમદ અહમદ દેસાઈનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: મોહમદ અહમદ દેસાઈ ૨. મરણ તારીખ: ૦૫/૦૬/૧૯૭૭ ૩. મરણનું સ્થળ: મોજે.તડકેશ્વર, તા.અરેઠ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે મોહમદ અહમદ દેસાઈના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૩/૦૮/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત



**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૪૦/૨૦૨૬
તા.૧૯/૦૬/૨૦૨૬

વાદી :- મહમદરફીક યુસુફ નાખુદા, રહે.૪૦૧, ચોથો માળ, નાખુદા કોમ્પલેક્ષ, તડકેશ્વર, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી તડકેશ્વર, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી મહમદરફીક યુસુફ નાખુદા, રહે.૪૦૧, ચોથો માળ, નાખુદા કોમ્પલેક્ષ, તડકેશ્વર, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦એ તેઓના નાની મોમીન મોહમદ અહમદ દેસાઈનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: મોમીન મોહમદ અહમદ દેસાઈ ૨. મરણ તારીખ: ૦૩/૦૫/૧૯૭૮ ૩. મરણનું સ્થળ: મોજે.તડકેશ્વર, તા.અરેઠ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે મોમીન મોહમદ અહમદ દેસાઈના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૩/૦૮/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત



**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૪૬/૨૦૨૬
તા.૧૯/૦૬/૨૦૨૬

વાદી :- કાંતિલાલભાઈ મકનભાઈ ગામીત, રહે.પાતલ, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૬૩.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી પાતલ ગ્રા.પં., ગ્રા.પં., તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૬૩

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી કાંતિલાલભાઈ મકનભાઈ ગામીત, રહે.પાતલ, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૬૩એ તેઓના માતા માણકીબેન મકનભાઈ ગામીતનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: માણકીબેન મકનભાઈ ગામીત ૨. મરણ તારીખ: ૦૩/૦૪/૧૯૯૮ ૩. મરણનું સ્થળ: મોજે.પાતલ, તા.અરેઠ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે માણકીબેન મકનભાઈ ગામીતના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૩/૦૮/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત


## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલી નગરપાલિકાને મળેલાં અત્યાધુનિક ફાયર વાહનોનું લોકાર્પણ



બારડોલી: સ્થાનિક નાગરિકોની જાનમાલની સુરક્ષા વધુ મજબૂત કરવા અને આપત્તિના સમયે ત્વરિત પ્રતિસાદ આપી શકાય તે હેતુથી બારડોલી નગરપાલિકાની અગ્નિશમન સેવાને આધુનિક સંસાધનોથી સજ્જ કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય અગ્નિશમન સેવાઓ અને જીયુડીસી દ્વારા ફાળવવામાં આવેલા અત્યાધુનિક ફાયર વાહનો તથા અગ્નિશમન સાધનોનું આજે માનનીય ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારના હસ્તે કાના પટ્ટાંગણમાં ગરિમાપૂર્ણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

### મોસાલી પ્રા. શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

સુરત: સુરત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત મોસાલી પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં તાલુકા પંચાયત સભ્ય રાકેશભાઈ વસાવા, તાલુકા પંચાયત સભ્ય શીતલબેન વસાવા, પ્રકાશભાઈ વસાવા, ગામનાં સરપંચ સવિતાબેન વસાવા, ઉપસરપંચ બિલાલભાઈ પાંચભાયા, પંચાયત સદસ્ય ચંદ્રવદન અરુણભાઇ પરમાર, પ્રેરણા પઢીયાર, ઐયુબભાઈ ભૂલા, બીપીનભાઈ ચૌધરી, માંગરોળ વેપારી મંડળના પ્રમુખ અસલમભાઈ માંજરા, એસએમસી સભ્યો, વાલીઓ, બાળકો ખૂબ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે બાળવાટિકાનાં તમામ બાળકોને દફ્તર અને કિટ આપવામાં આવી હતી. ઉપરાંત નોટબુકનું વિતરણ કરાયું હતું.

### સાંધીએરની સરકારી પ્રા.શા.માં પ્રવેશોત્સવ



સાયણ: ઓલપાડ વિધાનસભાના ધારાસભ્ય મુકેશ પટેલે બુધવારે સાંધીએર ગામની સરકારી પ્રા. શા.માં પ્રવેશ મેળવેલાં ભૂલકાંને શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે આંગણવાડીમાં પ્રવેશ મેળવેલાં ૭, બાળવાટિકાનાં ૧૦ અને ધો.૧નાં ભૂલકાંને શૈક્ષણિક કિટ અપાઈ હતી. આ કાર્યક્રમમાં સુ.જિ.પં.ના સભ્ય બ્રિજેશ પટેલ, તા.પં. સભ્ય કિરીટ પટેલ, ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વિજયભાઈ જરગલિયા, ગામના સરપંચ મેહુલ આહીર, સામાજિક અગ્રણીઓ સહિત શિક્ષકો, વાલીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.


Ministry of Culture
Government of India

**લોકશાહી અમર રહો!**

બંધારણીય લોકશાહીને જાળવી રાખવા માટે સમર્પિત એક કાર્યક્રમ



**કટોકટી લાદવાનાં 50 વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં**

આયોજિત કાર્યક્રમોનું સમાપન

**સંવિધાન હત્યા દિવસ ૨૦૨૬**

ભારતીય ઇતિહાસના કાળા યુગ પર એક નજર

"કટોકટી લાદવામાં આવી તેને ૫૦ વર્ષ થઈ ગયા છે; દેશની કોઈ પણ પેઢીએ બંધારણની હત્યા કરવાના આ પાપને ક્યારેય ભૂલવું ન જોઈએ."
– નરેન્દ્ર મોદી, વડા પ્રધાન

તારીખ: ૨૫ જૂન ૨૦૨૬ | સમય: સાંજે ૪:૦૦ વાગ્યે

સ્થળ: સેન્ટર ફોર કલ્ચરલ રિસોર્સિસ એન્ડ ટ્રેનિંગ (CCRT), ૧૫-એ, બ્લોક ડી, સેક્ટર ૭, દ્વારકા, દિલ્હી

**કાર્યક્રમના મુખ્ય આકર્ષણો**

વિશેષ પ્રદર્શની: 'સંવિધાન હત્યા દિવસ' અને 'લોકશાહી અમર રહો'

શોર્ટ-ફિલ્મનું સ્ક્રીનિંગ: 'સંવિધાન હત્યા દિવસ'

સ્વતંત્ર ભારતના ઇતિહાસના સૌથી મુશ્કેલ સમયમાં જેમણે અત્યાચાર સહન કર્યા અને હિંમત જાળવી રાખી, તે તમામ લોકોને સંગીતમય શ્રદ્ધાંજલિ

મુખ્ય અતિથિ

**શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવત**
માનનીય કેન્દ્રીય સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી, ભારત સરકાર

વિશેષ સંબોધન

**શ્રી રામ બહાદુર રાય**
(કટોકટી દરમિયાન અટકાયત કરાયેલ વ્યક્તિ)
પ્રમુખ, ઇન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટ્સ

CBC 09101/13/0014/2627